# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
# ગુણોત્સવ સ્વ સજ્જ્તા કાર્યક્રમ ૨૦૧૫-૧૬

પ્રતિ,

મુખ્ય શિક્ષકશ્રીઓ (તમામ),

સી.આર.સી.કો-ઓર્ડિ. (તમામ),

બી.આર.પી (તમામ),

યુ.આર.સી.કો-ઓર્ડી. (તમામ),

સુપરવાઈઝરશ્રીઓ (તમામ),

એ.એ.ઓશ્રીઓ, ડે.એ.ઓશ્રીઓ (તમામ),

વિષય: ગુણોત્સવ સ્વ સજ્જતા કાર્યક્રમ અંતર્ગત કરવાની થતી કામગીરી બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા અભિવૃદ્ધી માટે શિક્ષણ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં સામુહીક મુલ્યાંકન સ્વરૂપે પાંચ તબક્કામાં ગુણોત્સવ કાર્યક્રમ કરવામાં આવેલ છે. ટુંક સમયમાં ગુણોત્સવ -૬ નું આયોજન થનાર છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ ક્રમશ: ગુણોત્સવ શ્રેણીમાં સારો દેખાવ કરી રહ્યું છે. પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ કેટલાક વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા બાળકોમાં અપેક્ષિત સ્તરની અધ્યયન નિષપત્તીઓ (Learning Outcomes) મળે તે માટે પ્રયત્નશીલ છે. ગુણવત્તા માટેઆપ સૌએ કરેલ પ્રયત્નો સરાહનીય છે. તેને હું બીરદાવું છું.

મિત્રો, આમ છતાં હજુ યોગ્ય દિશામાં ઘણું કરવાનું રહે છે. ચાલુ વર્ષનો ગુણોત્સવ કાર્યક્રમ યોજાય તે પૂર્વે આપણે સૌએ આપણી શાળાઓમાં સ્વ સજ્જતા કેળવાય તે જરૂરી છે. આપણી શાળાએ કયાં ક્ષેત્રમાં શું કરવાનું બાકી રહે છે તે જાણી લેવાથી આપણી શાળાનું પરફોર્મન્સ સ્તર ઉંચુ લઈ જઈ શકાશે. આ માટે આયોજન બધ્ધ, સાતત્યપૂર્ણ સ્માર્ટ કામગીરી કરવી જરૂરી છે. આપ સૌને અગાઉ જણાવ્યા મુજબ તા: ૨૬ અને ૨૭ ઓક્ટોબરના રોજ આપની શાળામાં આપની સ્વ સજ્જતામાં મદદ થાય તે માટે માર્ગદર્શક અધિકારીશ્રીઓ મુલાકાત લેનાર છે. તે મુલાકાત દરમ્યાન ભરવામાં આવનાર ફોર્મેટ આપને માર્ગદર્શન અર્થે આ સાથે મોકલી આપવામાં આવે છે.

ચાલુ વર્ષે શિક્ષણ વિભાગ સંભવત: ધોરણ-૬ થી ૮ માં પણ શૈક્ષણિક મુલ્યાંકનમાં (૬૦ ગુણ) વિષય વસ્તુ સાથે સાથે વાંચન લેખન અને ગણનને પણ ચકાસનાર છે. આથી આપની શાળા સજ્જ રહે તે મુજબ વર્ગ દીઠ તૈયારી કરવાની રાખવી. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ (૨૦ ગુણ) અને સંસાધનોનો ઉપયોગ અને લોકભાગીદારીનું મુલ્યાકંન (૨૦ ગુણ) મુજબ થનાર છે.

આવો, આ વર્ષે આપણે પ્રતિબદ્ધ બનીએ કે આપણી તમામ શાળાઓ A+, A અથવા B ગ્રેડમેળવે.

(ડો. એલ.ડી.દેસાઈ)
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ